## જન્મદિને વધામણી



**ઉરેન પટેલ**
પ્રમુખ, ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



**પ્રજ્ઞા ગજ્જર**
કોરિયોગ્રાફર અને પૂર્વ સહ ખજાનચી, લાયોનેસ ક્લબ
મો. : ૯૯૦૪૨ ૫૧૬૫૧



**ભાવેશ**



**પ્રેમલસિંહ પી ગોલ**
ડિરેક્ટર
આકાશ ઇન્ફ્રા પ્રોજેક્ટ લિ.
મો. : ૯૮૨૫૮ ૦૩૫૫૩



**દશરથલાલ એમ પરમાર**
સહમંત્રી, આરોગ્ય કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
ગાંધીનગર

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ



ન્યુ ગાંધીનગરના સરગાસણ વિસ્તારના વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા શુટર વિમલ પ્રજાપતિએ તાજેતરમાં ૧૦ મીટર એર રાયફલ શુટીંગમાં રાજયકક્ષાએ સિલ્વર મેડલ જીતી શાળા તથા શહેરનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિધ્ધી બદલ શાળા પરિવારે આનંદ અને ગૌરવની લાગણી વ્યકત કરવા સાથે ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.



ડે સૅલિબ્રેશન અંતર્ગત નવગુજરાત કૉમર્સ કૉલેજ તથા લૉ કૉલેજ, સૅક્ટર-૨૮ ખાતે અધ્યાપક નિખિલ ડોડિયાના સહયોગથી 'ફુડી ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની જાતે અવનવી વાનગીઓ તૈયાર કરીને પિરસી હતી.

### રેડક્રોસના સહયોગથી

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા માતૃત્ત્વ સ્વાસ્થ્ય યોજના કાર્યક્રમ



રેડક્રોસ ગાંધીનગર તથા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે પ્રધાનમંત્રી માતૃત્ત્વ સ્વાસ્થ્ય યોજના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરનાં ગાયનેકોલોજીસ્ટ ડૉ. સુવિણાબેન ચીતાણીયા દ્વારા ૩૮ બહેનોને તપાસી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રત્યેક બહેનને ૫૦૦ ગ્રામ મગ તથા ૧ કિગ્રા ગોળનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય કેન્દ્રના સ્ટાફે આ કાર્ય માટે પોતાની સક્રિય સેવાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આ કાર્યક્રમ પ્રતિ માહ યોજવામાં આવે છે.

# શ્રીમતી આર સી પટેલ હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે બર્ડ રૅસ્ક્યૂ તાલીમ



ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ હાઈસ્કૂલના ઍનઍસઍસ યુનિટ દ્વારા બર્ડ રૅસ્ક્યૂ નામનો તાલિમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જુનિયર ચૅમ્બર ઈન્ટરનૅશનલ સંસ્થાના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ઈન્દ્રોડા પાર્કના વાઈલ્ડલાઈફ બ્રાન્ચ ચિકિત્સક ડૉ. અનિકેત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને પંખીઓના જીવન સાતે જોડાયેલી વાતો કરી આપણા તહેવારો આનંદ સાથે આઘાત કેવી રીતે આપે છે તે વિગતે સમજાવ્યું હતું. સાથે-સાથે જીવો અને જીવવા દો સૂત્રને સાર્થક કરવા ઉત્તરાયણના તહેવારથી ઘવાતા પક્ષીઓનું જીવન કેવી રીતે બચાવી શકાય તેની સમજ આપી હતી. જેસીઆઈના પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ ચાઈનીઝ તુક્કલના વિનાશ વિષય પર સુંદર વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર સંજય ત્રિવેદીએ કર્યું હતું. ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તાલીમ પ્રાપ્ત કરી હતી. દોરી કેવી રીતે જીવલેણ સાબિત થાય છે એ વાત અંગત સ્વજન ગુમાવનાર શિક્ષક યતિન પરીખે વિદ્યાર્થીઓને કરી હતી. ત્યારબાદ પક્ષીઓની સુરક્ષા માટે વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ દિનેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

એક યુવાને વડીલને પૂછ્યું
દાદા, સ્પર્ધા ના હોય
એવું કોઈ ક્ષેત્ર સૂચવો
મારે એ ક્ષેત્રમાં
કેરિયર બનાવવી છે
દાદાએ જવાબ આપ્યો,
બેટા,
માણસ બનવાનો પ્રયત્ન કર
એમાં બહુ સ્કોપ છે
અને વળી એ ક્ષેત્રમાં
બહુ સ્પર્ધા પણ નથી

## ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ ચિત્ર સ્પર્ધામાં

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની ધોરણ-૩થી ૮ની ૨૫ વિદ્યાર્થીનીઓએ કલાકુંભ સર્વ વિદ્યાલય દ્વારા પીટીસી કૉલેજના હૉલમાં આયોજિત મનપસંદ ચિત્ર સ્પર્ધામાં કલાશિક્ષક હસમુખભાઈના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે સર્વ સ્પર્ધક બહેનોનો શુભેચ્છા પાઠવી હતી.

# સ્કૂલ ઑફ અચિવર-કુડાસણમાં પૅરેન્ટ્સ ગાઈડ સૅમિનાર




## સ્કૂલ ઍપ અને પૅરેન્ટ્સ પૉર્ટલ લૉન્ચ કરી પૅરેન્ટ્સને પાસવર્ડનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૨

શિક્ષણની બીબાંઢાળ કાર્યશૈલીને બદલે સ્કૂલ ઑફ અચિવર અવારનવાર નવી જ અને મૌલિક તથા ધ્યાનાકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

વિદ્યાર્થી વિકાસમાં શાળા જેટલી ભૂમિકા માતા-પિતાની રહેલી છે. શાળા અને ઘર બંનેનાં વાતાવરણ ભિન્ન હોવાથી વિદ્યાર્થીના વિકાસમાં અવરોધ આવે છે. આવી કેટલીક બાબતોને ધ્યાનમાં લઈ સ્કૂલ ઑફ અચિવરે પૅરેન્ટ્સ ગાઈડ નામની એક હૅન્ડબૂક બનાવી છે, જેમાં નવીન લૉન્ચ થનાર સ્કૂલ ઍપ તથા પૅરેન્ટ્સ પૉર્ટલ અંગેનાં બધાં જ પાસાંની વિશદ ચર્ચા કરવામાં આવી છે. તદુપરાંત વિદ્યાર્થી સાથેનો અપેક્ષિત વ્યવહાર તથા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે જરૂરી સાવધાનીઓ વિશે મુદાસર અને વિગતવાર છણાવટ કરવામાં આવી છે.

તાજેતરમાં સ્કૂલના પ્રાંગણમાં વાલીઓ માટે એક સેમિનાર યોજાઈ ગયો જેમાં પૅરેન્ટ્સ ગાઈડ હૅન્ડબૂક વાલીઓને આપવાની સાથે સાથે સ્કૂલના ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે પૅરેન્ટ્સ ગાઈડ મીટિંગને ચાર તબક્કાઓમાં સંબોધી હતી. પ્રથમ તબક્કામાં કેજીથી શરૂ કરી ગુજરાતી મીડિયમ પ્રાથમિક વિભાગના પૅરેન્ટ્સ, બીજા તબક્કામાં ઈંગ્લિશ મીડિયમ ધોરણ-૫થી ૮, ત્રીજા તબક્કામાં ઈંગ્લિશ મીડિયમ ધોરણ-૧થી ૪ અને ચોથા તબક્કામાં બંને માધ્યમના ધોરણ-૯, ૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓને સંબોધન કરવામાં આવ્યું હતું. વાલીઓએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્કૂલ સાથેના સંબંધોને ઘનિષ્ટ બનાવવા પ્રયાસ કર્યો હતો. ત્રણ કલાકનું સૅશન હોવા છતાં વાલીઓ સૅશનના અંત સુધી રોકાયા હતા અને સક્રિય રીતે તેમાં ભાગ લઈ પોતાના ધૈર્ય અને શુભચિંતનનો પરિચય આપ્યો હતો.

'નો યૉર સ્કૂલ' વિષયક ચિંતનના માધ્યમથી શાળાએ યોગ્ય મુદા, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં પૅરેન્ટ્સની સહભાગીતા, શાળાની હાર્દરૂપ માન્યતાઓ અને શાળાની વર્તમાન કાર્યપધ્ધતિ પર પ્રકાશ પાડવાની સાથે-સાથે સહકારની અપેક્ષા વાલીઓ સમક્ષ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સ્કૂલ દ્વારા વિધિવત રીતે સ્કૂલ ઍપ અને પૅરેન્ટ્સ પૉર્ટલ લૉન્ચ કરી પૅરેન્ટ્સને પાસવર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળા પરિવારે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી. વાલીઓએ આ પ્રયાસની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

# સ્ત્રી તરફ જોવા-વિચારવાના અભિગમમાં મલિનતા છે




mmtrivedi007@gmail.com

વિશ્વભરમાં લોકો રૂક્ષ, કટ્ટર, હિંસક થઈ રહ્યાના સમાચારથી વાસ્તવમાં માનસિક રીતે થાકી જવાય છે. આવી તે દુનિયા હોતી હશે ! સર્વત્ર અજંપો, અત્યાચાર, અન્યાય અને આપત્તિઓનો અતિરેક છે અને માનવની કશી કિંમત જ ના રહી હોય તેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. જીવન અમૂલ્ય છે, જે ઈશ્વર આપ્યું તે સારી રીતે લોકો જીવતા નથી અથવા અન્ય લોકો જીવવા દેતા નથી. આ કઈ રીતે માનવ સંસ્કૃતિનું નિકંદન નીકળી રહ્યું છે પણ દિલને હચમચાવી મૂકે છે. આબાદી વધે એટલે પ્રશ્નો પણ વધે જે જીવન સંઘર્ષને વધુ જલદ બનાવી મૂકે છે. દરેક દેશમાં ઉગ્રવાદના પંજા પડી રહ્યા છે અને નિર્દોષ કે માસૂમ લોકો તેમાં ભોગ બની રહ્યા છે. પરંતુ આ વૈશ્વિક પીડા થઈ પડી છે. પ્રશ્ન ભારતમાં જે ચિંતાકારક હવે દેખાય છે તેમાં સમાજ મહિલા દાક્ષિણ્યથી દૂર થઈ રહ્યો છે, તે વિશાળ અને પીડાદાયી છે. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ જેવાં શહેરોમાં જે હાલની ઘટનાઓ થઈ અને હજી પણ થઈ રહી છે તે જોઈને અવશ્ય લાગે છે કે આપણી મહાનતા અને ઉમદા સંસ્કૃતિનાં ગીતો ગાતાં ગાતાં ક્યાં પહોંચી ગયા છીએ ? હર એક રૂપ-સ્વરૂપમાં સ્ત્રી મહાન છે તે ભગવાનનું જીવંત પ્રતિનિધિત્વ છે. તેમ છતાં મહિલા ઉપરના અત્યાચાર, બળાત્કાર, ઉત્પીડન, છેડછાડ સતત વધી રહ્યાં છે ! આવી હરકત સમાજની કંઈ રાતોરાત થઈ જતી નથી. એ આપણી સામાજિક નિષ્ફળતાની ગંદી ભેટ છે. સમાજમાં વિવિધ વર્ગો જીવતા હોય છે. વિવિધ વર્ગના, સંપ્રદાયના, જ્ઞાતિ-જાતિના લોકો ઐક્ય સાથે જીવતા હોય છે. પરંતુ આમાંથી જે વર્ગ નાણાં કમાઈ લેવા માટે બધા જ માર્ગોને ઉચિત માને છે તો સૌથી વધુ હાનિ પહોંચાડે છે. મનોરંજનની હાજરી વિના સમાજ જીવી શકે નહીં પરંતુ હલકા મનોરંજનના દાયરાને વિસ્તૃત કરતાં કરતાં તેમાં પુષ્કળ અંગ પ્રદર્શન અને નિમ્ન કક્ષાનાં ગીતો, ભડકાઉ પહેરવેશ, આ બધાથી ઉપર એક ઉમેરણ એ આઈટમ સોન્ગ... આ બધાથી સિનેસૃષ્ટિમાં પિક્ચર કરોડોની કમાણી કરનાર લિસ્ટમાં આવી જશે પરંતુ આ બધાની અસર સમાજ ઉપર ધીમે ધીમે પણ મક્કમ રીતે નકારાત્મક થતી જાય છે. કૂમળાં માનસ ઉપર આ બધાંની અસર ભયાનક રીતે થતી હોય છે, જે સમય જતાં ભારતનો નાગરિક બનશે ત્યારે તેના દિલોદિમાગમાં શું ભર્યું હશે ? હલકા મનોરંજનથી લોકોની નારી પરત્વેની દ્દષ્ટિ વિકૃત થઈ રહી છે. સિનેસૃષ્ટિના લોકોએ સ્થિતિ વધુ બગાડી છે.



સ્ત્રીઓને ચીજવસ્તુ માનવાનું જે કોઈ વલણ પ્રવર્તે છે તે માટે વિવિધ વર્ગના લોકો પણ એટલા જ જવાબદાર છે. સ્ત્રીને માન આપવાની જગ્યાએ ઉપભોગની ચીજ પ્રસ્થાપિત કરવાની હિન પ્રવૃત્તિના લીધે ભારતમાં નારી ઉત્પીડનના કિસ્સા વધી રહ્યા છે. આજની નારી વધુ ભણેલી છે. તેને તેના બધા હક્ક વિશે માહિતી છે અને પુરુષ સમોવડી બનવાની હોંશ છે પરંતુ દેશનું આંતરિક કલ્ચર પ્રતિદિન હલકું થઈ રહ્યું છે. જાગૃતિ વિના જીવવું એ દિલ દિમાગને પીડા આપનારું પણ થઈ શકે છે. નારી વિવિધ સ્વરૂપમાં નારી તરીકે જ અતિ ઉમદા હોય છે તે ઈશ્વરની વિશ્વને બક્ષિસ છે એટલું દરેક સ્ત્રીએ સમજી લેવું આવશ્યક છે. મહાનતા અપાવનારા લોકો જ નર્ક સુધી તેને લઈ જાય છે એ આજના વિશ્વની કડવી વાસ્તવિકતા છે. રાષ્ટ્રમાં કાયદા, કાનૂનનો ડર ગૂમ છે અને હલકી વિચારધારાને પ્રત્યેક ઈન્ટરનેટ ઉપકરણ વધુ ને વધુ બહેકાવી રહ્યું છે. ત્યારે સાવધાની રાખ્યા વિના ગમે ત્યાં જતાં આવતાં અત્યાચારના સર્પદંશની શક્યતાઓ છે જ ! ગરીબો-મધ્યમ વર્ગ શિકારનાં તત્ત્વો છે પરંતુ ઉપરના વર્ગો તો મોજમસ્તીના પ્રમાણમાં શિકાર થઈ જાય ત્યારે હોબાળો વધુ થાય છે. ઉપાયો કયા કયા હોઈ શકે ? પ્રથમ તો ઘરમાં દરેક સભ્ય ઉપર નજર રહેવી જરૂરી છે. ઉછેરમાં દૃષ્ટિ ઉમેરવી જોઈએ. જાહેર સમારંભમાં કે ઉત્સવ વખતે જરૂરી સાવચેતી સુનિશ્ચિત થવી જરૂરી છે. કારણ કે આવા સમયે નશાની હાલતમાં આવારગી ખીલી ઊઠતી હોય છે. સિનેમાના નિર્માતાઓ, કલાકારો વગેરે સૌએ સમાજ નિર્માણના કામને અગ્રતા આપવા આગળ આવવું જ પડશે. સ્ત્રી હોવું એ ગૌરવની વાત છે તે સ્વીકૃત થવું એટલે ખુદ સ્ત્રીત્વની સુરક્ષા કરશે એ વાત નિશ્ચિત છે. હલકી કક્ષાના મનોરંજન ઉપર અંકુશ ઊભો કરવો પડશે. સદગુણોના નાશ થઈ જતો હોય તેવી આધુનિકતાથી બચવું પડશે, જેના માટે પ્રત્યેક વ્યક્તિએ જાગૃત થઈ સમાજમાં જીવવું પડશે. સ્ત્રી એ શક્તિ સ્વરૂપા છે, તેના પરત્વે જોવાની, વિચારવાની શુદ્ધિ સમાજે કેળવવી જ પડશે.

'લોક માલિકને ભૂલી બેસે
સંત, તું એટલી કમાલ ન કર'
- અદમ ટંકારવી

### ચૌધરી કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍન્ડ કૉમર્સ દ્વારા આયોજિત

## સ્પર્ધાઓમાં જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ વિજેતા

ગાંધીનગર, તા. ૧૨

ચૌધરી કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍન્ડ કૉમર્સ પરિસર ખાતે વિવિધ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)ની ઉચ્ચતર વિભાગની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં.

ફોટોગ્રાફીમાં નીલમ સોલંકી, સલાડ ડેકોરેશનમાં પ્રિયંકા જોષી, મહેંદી સ્પર્ધામાં રશ્મિકા ચૌધરીએ પ્રથમ તથા મહેંદી સ્પર્ધામાં લલિતા ચૌધરી, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં સુરેખા ચૌધરી, રંગોળી સ્પર્ધામાં પીનલ પટેલ, સલાડ ડેકોરેશન સ્પર્ધામાં સોજલ દંતાણી, હેરસ્ટાઈલ સ્પર્ધામાં દિક્ષીતા પટેલ, ભાર્ગવી દવે અને જ્વેલરી મેકિંગ સ્પર્ધામાં પાયલ પરમાર દ્વિતિય સ્થાને વિજેતા બન્યાં હતાં, જેમને શાળા પરિવાર વતી આચાર્ય સંતોકબેન ચૌધરીએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી જીવન પ્રેરણા'**